# કોંગ્રેસની ખોટી નીતિઓથી દેશ બરબાદ થયો : મોદી

**હરિયાણામાં પ્રચારના અંતિમ દિવસે વિપક્ષ પર વરસ્યા વડાપ્રધાન : હવે કાશ્મીરનું ભવિષ્ય અમે અને ત્યાંના લોકો નક્કી કરીશું,કોંગ્રેસની એક ભૂલના કારણે ભારતનો એક ભાગ પીઓકે પાકિસ્તાન પાસે છે, કશ્મીરમાં સૂફી પરંપરા ખતમ કરી નાખી એટલે ૩૭૦ હટાવવી પડી : ભારતના ભાગનું એક ટીપુ પાણી પાકિસ્તાન જવા દેવામાં નહિ આવે, અગાઉની સરકારોએ પાણી રોકવા માટે કોઇ પ્રયાસ જ ન કર્યા, કોંગ્રેસના કારણે ૭૦ વર્ષ સુધી બાબા સાહેબનું બંધારણ લાગૂ ન કરાયું**



સિરસા,તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે હરિયાણાના એલાનાબાદ ખાતે વિધાનસભા ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે જાહેરસભાને સંબોધતા વિપક્ષ પર તીખા વાકબાણ છોડ્યા હતા. પીએમ મોદીએ આક્ષેપ કરતા કહ્યું કે, કોંગ્રેસની ખોટી નીતિઓને કારણે જ દેશ બરબાદ થયો છે તેમજ જમ્મુ અને કાશ્મીર સાથે અન્યાય થઈ રહ્યો હતો. કોંગ્રેસના કારણે ભારતનો એક ભાગ પાકિસ્તાન પાસે છે. અને આજે તેને પીઓકેના નામે ઓળખવામાં આવે છે. કોંગ્રેસની સરકારના કારણે જમ્મુ કાશ્મીરની સ્થિતિમાં હમેશા સુધારો થયો નહોતો. કોંગ્રેસે આઝાદી બાદ પાકિસ્તાનને મદદ કરી એટલે પીઓકે પાકિસ્તાન પાસે છે.

વડાપ્રધાન મોદીએ જાહેરસભામાં પોતાનો અસલી આક્રમક મિજાજ દેખાડ્યો હતો. તેમણે હાજર જનમેદનીને જણાવ્યું કે તેમની સરકારે જમ્મુ-કાશ્મીરમાંથી અનુચ્છેદ ૩૭૦ને હટાવવાની હિંમત કરી હતી. કોંગ્રેસની સરકારે ૭૦ વર્ષ સુધી જે કામ ના કર્યું તે તેમની સરકારે કરી બતાવ્યું. આ કલમ અસ્થાયી હતી જેને કોંગ્રેસે હટાવવા કોઈ જ કાર્યવાહી કરી નહીં. પીએમે ઉપસ્થિત મેદનીને કહ્યું કે, જ્યારે તમે મને પાંચ વર્ષ માટે કાયમી બનાવી દીધો છે, તો હું શા માટે અસ્થાયી કલમ અમલમાં રાખું.

કાશ્મીરનો વિનાશ કરવામાં આવી રહ્યો હતો ત્યારે કોંગ્રેસ આંખ બંધ કરીને બેસી ગઈ હતી. કોંગ્રેસના કારણે કાશ્મીરમાં ૭૦ વર્ષ સુધી બાબા સાહેબ આંબેડકરનું બંધારણ લાગૂ કરવામાં આવ્યુ નહોતુ.

પીએમે વધુમાં ઉમેર્યું કે ચાર લાખથી વધુ કાશ્મીરી પંડિતોને તેમનું ઘર છોડીને જવાની ફરજ પાડવામાં આવી હતી. દરમિયાન કરતારપુર કોરિડોર મુદ્દે પણ તેમણે કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા અને જણાવ્યું કે આટલા વર્ષોથી કરતાપુર સાહિબ ગુરુદ્વારાના દર્શન માટે લોકોને દૂરબિનનો ઉપયોગ કરવો પડતો હતો જ્યારે હવે દર્શન માટે કરતાપુર કોરિડોરનું નિર્માણ થઈ રહ્યું છે અને લોકો ત્યાં પહોંચી શકશે. ભાગલા વખતે કરતારપુર સાહિબ ગુરુદ્વારાને ભારતીય હદમાં નહીં લાવવાની વિપક્ષે ભારે ભૂલ કરી હતી.

નરેન્દ્ર મોદીએ પાકિસ્તાનને આકરો સંદેશ આપ્યો હતો. ચૂંટણી રેલીને સંબોધિત કરતા કહ્યું હતું કે, ભારતના ભાગનું એક ટીપુ પણ પાણી પાકિસ્તાનમાં જવા દેવામાં નહીં આવે. હરિયાણાનો ખેડૂત પાણી માટે તડપે છે. અહીંના ખેતરો સુકા પડી રહે છે અને પાકિસ્તાનના ખેતરોમાં હરિયાળી છવાય એ કેવી રીતે બને. તેમણે હુંકાર ભરતા કહ્યું હતું કે, હું ભારતના ભાગનું પાણી પાકિસ્તાનમાં કોઈ પણ ભોગે નહીં જવા દઉં. તેમણે કહ્યું હતું કે, ભારતના ભાગનું એક ટીપુ પાણી પણ પાકિસ્તાનમાં વહી જવા દેવામાં આવશે નહીં. આ ભારતના ખેડૂતોના ભાગનું પાણી છ્હે અને તેનો ઉપયોગ દેશના લોકોની જરૂરિયાતો પુરી કરવા માટે કરવામાં આવશે. પીએમ મોદીએ ઈશારામાં જ કોંગ્રેસ અને સ્થાનિક પાર્ટીઓ પર નિશાન તાકતા કહ્યું હતું કે, અગાઉની સરકારોના કાર્યકાળમાં ભારતના ભાગનું પાણી પાકિસ્તાનમાં જતુ હતું અને તે સમયની સરકારોએ આ પાણી રોકવા માટે કોઈ જ પ્રયાસ ના કર્યા. ત્યાં સુધી કે બંધ બાંધવાની દિશામાં વિચાર્યું પણ નહીં. કોંગ્રેસે તો હરિયાણાને પોતાનું ચારાનું મોકળું મેદાન સમજી લીધું છે. તેમણે રોબર્ટ વાડ્રા પર પ્રહાર કરતા કહ્યું હતું કે, કોંગ્રેસના જમાઈને જ્યારે જમીન જોઈએ ત્યારે તે હરિયાણા આવે છે.

## હવે જી-૭ શિખર બેઠક ગોલ્ફ રિસોર્ટમાં યોજવા ટ્રમ્પ તૈયાર

**વોશિંગ્ટન,તા.૧૯**

જી-૭ની શિખર બેઠક હવે આગામી વર્ષે જુનમાં ગોલ્ફ રિસોર્ટમાં યોજાશે. આને લઈને તમામ તૈયારીઓ કરવામાં આવી ચુકી છે. પ્રાપ્ત માહિતી મુજબ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આગામી વર્ષે જી-૭ બેઠકને લઈને અત્યારથી જ ઉત્સુક છે. આ બેઠકમાં આ વખતે ક્લાઈમેટનો મુદ્દો રહેશે નહીં. આ સમિટ આવતા વર્ષે ૧૦થી ૧૨ જૂન સુધી યોજાશે. ફ્લોરિડામાં આવેલા રિસોર્ટનું નામ 'ટ્રમ્પ નેશનલ ડોરલ'છે. જેનાથી તેને કોઈ પણ અન્ય હોટલ અથના ગોલ્ફ ક્લબની તુલનામાં વધારે મહેસૂલ મળે છે. ટ્રમ્પ ઓર્ગેનાઈઝેશનના રેકોર્ડ પ્રમાણે, વોશિંગ્ટન એરપોર્ટ પાસે આવેલા રિસોર્ટ-ઓફિસમાં તાજેતરના વર્ષોમાં ઘટાડો જોવા મળ્યો છે. ડેમોક્રેટ્સે ટ્રમ્પના આ પગલાની ટીકા કરતા કહ્યું કે, વ્યક્તિગત લાભ માટે રાષ્ટ્રપતિએ તેમના પદનો દૂરઉપયોગ કરી રહ્યાં છે. વ્હાઈટ હાઉસના ચીફ ઓફ સ્ટાફ મુલવેનીએ કહ્યું કે, ડોરલ આ બેઠક માટે સૌથી શ્રેષ્ઠ જગ્યા છે. અહીં દરેક પ્રકારની સુવિધાઓ આપવામાં આવી છે. આ પહેલા ટ્રમ્પ પ્રશાસને બેઠક માટે પ્રસ્તાવિત ૧૦ સ્થળોની તપાસ કરી હતી. ટ્રમ્પના તર્ક પ્રમાણે તેમનો રિસોર્ટ એરપોર્ટની નજીક છે , આ ઉપરાંત તેમા દરેક પ્રતિનિધિમંડ માટે અલગ અલગ ઈમારતો છે. જી-૭માં અમેરિકા, ફ્રાન્સ, કેનેડા, બ્રિટેન, જર્મની, જાપાન અને ઈટલી સામેલ છે. આ સમિટ અમેરિકામાં છેલ્લે ૨૦૧૨માં યોજાઈ હતી. પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ મેરીલેન્ડના કેપ ડેવિડમાં સરકારી સ્વામિત્વ વાળી ઈમારતમાં સમિટનું આયોજન કર્યું હતું. ૨૦૦૪માં પૂર્વ રાષ્ટ્રપતિ જ્યોર્જ ડબ્લ્યૂ બુશે જ્યોર્જિયાના સી આઈલેન્ડ રિઝોર્ટમાં તેનું આયોજન કર્યું હતું. આ વર્ષે જી-૭ ઓગસ્ટમાં ફ્રાન્સના બિયારિટ્ઝ શહેરમાં યોજાઈ હતી.



## અંદિજાનમાં શારદા યુનિવર્સિટીનો શુભારંભ કરાવતા મુખ્યમંત્રી

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ઉઝબેકિસ્તાન પ્રવાસના તેમના પ્રથમ દિવસે અંદિજાન રિજિયનમાં શારદા યુનિવર્સિટીનો શુભારંભ કરાવ્યો હતો. આ યુનિવર્સિટી ઉઝબેકિસ્તાનના અંદિજાન અને ફરગના પ્રદેશના યુવાઓને સ્કીલ ડેવલપમેન્ટ સાથે વર્લ્ડ ક્લાસ એજ્યુકેશનની સુવિધાઓમાં અહેમ ભૂમિકા નિભાવશે. મુખ્યમંત્રીએ ભારતમાં બે દાયકાથી વધુ સમયથી શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરી રહેલા શારદા ગ્રુપે રૂ. બે કરોડના ખર્ચે અંદિજાન-ફરગના રિજિયનમાં પ્રથમ સ્વતંત્ર ખાનગી યુનિવર્સિટી શરૂ કરવાની કરેલી પહેલની સરાહના કરી હતી. આ યુનિવર્સિટીમાં વિશ્વના વિવિધ દેશોના યુવાઓ એન્જિનિયરિંગ, મેનેજમેન્ટ, મેડિકલ, બાયો મેડિકલ, સ્ટેમ સેલ-જીવ વિજ્ઞાનનું ગ્લોબલ એજ્યુકેશન મેળવશે. શારદા યુનિવર્સિટીનો આ પ્રારંભ મધ્ય એશિયામાં ભારતની એક ઉચ્ચત્તમ શિક્ષણ સંસ્થાની મૌજુદગી બન્યો છે. વિજયભાઈ રૂપાણીએ ભારત-ઉઝબેકિસ્તાન-ગુજરાતના સંબંધોને આ શૈક્ષણિક સંસ્થા વધુ મજબૂત બનાવશે તેવો વિશ્વાસ યુનિવર્સિટીનો પ્રારંભ કરાવતા દર્શાવ્યો હતો. મુખ્યમંત્રીનું આ યુનિવર્સિટીના પ્રાંગણમાં બેન્ડની સુરાવલી સાથે ઉષ્માપૂર્ણ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

# કમલેશ તિવારી હત્યાનો ભેદ ઉકેલાયો

**ત્રણ આરોપી સંકજામાં : ગુજરાતમાં કસ્ટડીમાં લેવાયેલા આરોપીઓની આકરી પુછપરછ : સમગ્ર મામલામાં ઉંડી તપાસ : હત્યાનું કાવતરૂ**

**સુરતમાં ઘડવામાં આવ્યું હતું ઉશ્કેરણીજન ભાષણના લીધે હત્યા : ગુજરાત-યુપી પોલીસને મળેલી સફળતા**

સમગ્ર દેશમાં ભારે ચકચાર જગાવનાર કમલેશ તિવારી હત્યા કેસનો ભેદ ૨૪ કલાકની અંદર જ ઉકેલી દેવામાં આવ્યો છે. ગુજરાત અને ઉત્તરપ્રદેશની પોલીસે જોરદાર સંકલન જારી રાખીને આ કેસમાં ૨૪ કલાકના ગાળામાં જ હત્યાના કાવતરાને ઘડનાર તથા હત્યાને અંજામ આપનાર આરોપીઓને ધરપકડ કરી લીધી છે. ચોક્કસ બાતમીના આધારે આ સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. હત્યાના મામલામાં સુરતમાં ઝડપાયેલા ત્રણેય આરોપીઓની કઠોર પુછપરછ કરવામાં આવી રહી છે. હત્યાના સંદર્ભમાં આરોપીઓએ કબુલાત પણ કરી દીધી છે. આ કેસમાં મુખ્ય માસ્ટરમાઈંડ તરીકે રસીદ અહેમદ ખુરશીદ અહેમદ પઠાણ (૨૩) રહ્યો છે. તે સિલાઈ કામ કરે છે અને તે કોમ્પ્યુટરની માહિતી ધરાવે છે. જે ત્રણ લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે તેમાં મૌલાના મોહશીન શેખ સલીમ (૨૪)નો સમાવેશ થાય છે. જે સાડીની દુકાનમાં કામ કરે છે અન્ય એક શખ્સ ૩૦ વર્ષીય ફેજામ છે. જે જિલાની એપાર્ટમેન્ટમાં સુરતમાં રહે છે. ત્રણેયની આકરી પુછપરછ ચાલી રહી છે. આ ઉપરાંત બેને પણ કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. યુપીના ડીજીપી ઓપી સિંહે આજે કમલેશ તિવારી હત્યા કેસના સંદર્ભમાં તમામ વિગતો સવારે પત્રકાર પરિષદ યોજીને પુરી પાડી હતી. બિજનોર કનેક્શન ક્રોસ ચેકની પ્રક્રિયા ચાલી રહી છે. અગાઉ એવા અહેવાલ આવ્યા હતા કે બિજનોરના મૌલાના અનવારુલ હકની ધરપકડ કરવામાં આવી નથી. પરંતુ પોલીસ અધિકારીએ કહ્યું હતું કે, અનવારુલ અને મુક્તિ નઈમ કાજમી અને મૌલાનાની ધરપકડ કરવામાં આવી ચુકી છે. ઉત્તરપ્રદેશના ડીજીપી ઓપી સિંહે માહિતી આપતા કહ્યુ છે કે આ હત્યાકાંડમાં સામેલ શંકાસ્પદોની પ્રાથમિક પુછપરછ ચાલી રહી છે. જેમાં હાલમાં જાણવા મળ્યુ છે કે હત્યાના કાવતરાની પાછળ મુખ્ય કારણ કમલેશ તિવારીનુ વર્ષ ૨૦૧૫માં આપવામા આવેલુ ભાષણ રહ્યુ છે. ડીજીપી દ્વારા કહેવામાં આવ્યુ છે કે સુરતમાં કસ્ટડીમાં લેવામાં આવેલા ત્રણેય આરોપીની કઠોર પુછપરછ કરવામાં આવી રહી છે. કોન્ફરન્સમાં ડીજીપીએ કહ્યુ હતુ કે સુચના અને પુરાવા મળ્યા બાદ શુક્રવારે જ નાની નાની ટીમોની રચના કરવામાં આવી હતી. તપાસ કરવામાં આવ્યા બાદ અમારી ટીમને માહિતી મળી હતી કે કનેક્સન ગુજરાત સાથે રહેલા છે. મિઠાઈના ડબ્બામાંથી પુરાવા મળ્યા બાદ તેઓએ પોતે ગુજરાતના ડીજીપી સાથે વાત કરી હતી. ત્યારબાદ મહત્વપૂર્ણ માહિતી એકત્રિત કરવાની શરૂઆત કરવામાં આવી હતી.

## સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતના પંથકમાં માવઠાની આગાહી

**અરબી સમુદ્રમાં લો-પ્રેશર સર્જાતાં આગામી ત્રણ દિવસ સુધીમાં ગુજરાતમાં વરસાદની આગાહી : ખેડુતો ચિતાતુર**

અમદાવાદ, તા.૧૯

ગુજરાતમાં ફરીએકવાર વરસાદી માહોલ સર્જાઈ ગયો છે. આજે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં કમમોસમી વરસાદ થતા ખેડુતોની હાલત કફોડી બનવાના સંકેત દેખાઈ રહ્યા છે. બીજી બાજુ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં અગામી ત્રણ દિવસ સુધી માવઠા માટેની આગાહી કરવામાં આવી છે. બેવડી સિઝનના કારણે લોકોની હાલક કફોડી બનેલી છે. રોગચારાએ માજા મુકી છે. બીજી બાજુ હવામાન વિભાગ દ્વારા ચેતવણી આપતા જણાવ્યું છે કે દક્ષિણ ગુજરાત અને ખાસ કરીને ડાંગ, વલસાડ, નવસારી, તાપીમાં ૪૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફુકાઈ શકે છે અને વરસાદ થશે. નવરાત્રીમાં વરસાદી માહોલ રહ્યા બાદ હવે દિવાળીમાં પણ વરસાદી માહોલ રહેવાની વાત કરવામાં આવી છે.

આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૪.૪ અને લઘુત્તમ તાપમાન ૨૩.૮ ડિગ્રી રહ્યું હતું. અરબી સમુદ્રમાં સર્જાયેલી સાયકલોનીક સીસ્ટમ અને લો પ્રેશર સર્જાવાને પગલે રાજયમાં ખાસ કરીનો સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના પંથકોમાં આજે વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ભારે પવન ફુંકાવાની સાથે અચાનક માવઠાનો વરસાદ તૂટી પડયો હતો. ખાસ કરીને સૌરાષ્ટ્રના અમરેલી, વેરાવળ, વડેરા, રંગપુર સહિતના પંથકોમાં વરસાદ નોંધાયો હતો. આ જ પ્રકારે દાહોદના ગરબાડા સહિતના પથકમાં પણ છૂટોછવાયો કમોસમી વરસાદ નોંધાયો હતો.

હવામાન ખાતાની આગાહી મુજબ,હજુ પણ તા.૨૩મી ઓકટોબર સુધી વરસાદી માહોલ રહેવાની શકયતા છે. રાજયમાં ફરી એકવાર માવઠાની પરિસ્થિતિને લઈ ખેડૂતો પાકની નુકસાનીને લઈ ભારે ચિંતામાં ગરકાવ થયા છે. હવામાન ખાતા દ્વારા અરબી સમુદ્રમાં સાયકલોનીક સીસ્ટમ અને લો પ્રેશર સર્જાતા માવઠાની આગાહી કરવામાં આવી છે. આમ તો ગુજરાતમાંથી ચોમાસાએ વિદાય લઈ લીધી છે. પરંતુ નવરાત્રિની જેમ દિવાળી પણ બગડે તેવા એંધાણ સર્જાઈ રહ્યાં છે. હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ ગુજરાતમાં વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગ મુજબ અરબી સમુદ્રમાં લો-પ્રેશર સીસ્ટમ ફરીથી સક્રિય થતા રાજયના કેટલાક વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ પડી શકે છે. અપર એર સાયકલોનિક સર્ક્યુલેશન સર્જાતા તેની સૌથી વધુ અસર દક્ષિણ ગુજરાતમાં જોવા મળશે. હાલ બરવાળા, બગસરા, ગરબાડા, રંગપુર, વડેદામાં વરસાદ વરસી શરૂ થયો છે.

હવામાન વિભાગની આગાહીના પગલે ગુજરાતમાં અમરેલી, ભાવનગર, નવસારી, તાપી, ડાંગ અને ગીર સોમનાથમાં વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. ડાંગ, વલસાડ, નવસારી, દમણ, દારા નગર હવેલીમાં આગામી બે દિવસ ૩૦થી ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે. તેમજ વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ પડે તેવી શક્યતા છે. હવામાન ખાતાની આગાહીને લઈ હવે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ખેડૂતો માવઠાના કારણે પાકની નુકસાનીને લઈ ચિંતાતુર બની ગયા છે.

### પડઘમ શાંત

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકાર સત્તા જાળવી રાખવા માટે તમામ તાકાત લગાવી ચુકી છે. બીજી બાજુ શિવસેના પણ જોરદાર રીતે મેદાનમાં છે. શિવસેના અને ભાજપ ગઠબંધનમાં રહીને ચૂંટણી લડી રહ્યા છે પરંતુ શિવસેના પરોક્ષ રીતે ભારતીય જનતા પાર્ટીની તાકાતને ઘટાડવાની યોજનામાં છે. બીજી બાજુ ભારતીય જનતા પાર્ટીએ મહારાષ્ટ્રમાં પુરતી તાકાત લગાવી દીધી છે. બહુમતી સાથે જીત મેળવવા માટે ભારતીય જનતા પાર્ટીના પ્રયાસો રહેલા છે. મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે પણ ભાજપના વરિષ્ઠ નેતાઓએ તાકાત લગાવી હતી. જેમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ મહારાષ્ટ્રમાં પુરતી તાકત લગાવી હતી અને અપેક્ષા કરતા વધારે રેલી કરીને મહોલને પોતાની તરફેણમાં કરવાના પ્રયાસ કર્યા હતા. મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી ભારતીય જનતા પાર્ટી માટે કેટલી મહત્વપૂર્ણ છે તેનો અંદાજ આનાથી લગાવી શકાય છે કે ભાજપે અહીં સત્તા જાળવી રાખવા મુંબઈ અને મહારાષ્ટ્રમાં રહેતા બહારના લોકોના મન જીતવા મધ્યપ્રદેશ, ગુજરાત, બિહારમાંથી પણ રાજકીય નેતાઓને પ્રચાર માટે બોલાવ્યા હતા.

### પ્રચારનો અંત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બેઠકો પર પેટાચૂંટણીને લઈને સત્તા ટકાવી રાખવા ભાજપ-કોંગ્રેસ એડીચોટીનું જોર લગાવી રહ્યું છે. ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીને લઈ સમગ્ર તૈયારીઓ કરી લેવામાં આવી છે તો, સુરક્ષાને લઈને પણ તંત્ર દ્વારા તમામ રીતે બંદોબસ્ત તૈનાત કરી દેવાયો છે. ગુજરાત રાજ્યની છ વિધાનસભા બેઠકની પેટાચૂટંણીને લઈને આજે સાંજે પાંચ વાગ્યે ચૂંટણી પ્રચાર પડઘમ શાંત થઈ ગયા હતા.રાજ્યમાં તા.૨૧ ઓક્ટોબરના રોજ રાધનપુર, બાયડ, લુણાવાડા, અમરાઈવાડી, થરાદ અને ખેરાલુ બેઠક પર મતદાન યોજાશે. ગુજરાતમાં યોજાનારી છ બેઠક પરની પેટાચૂંટણીને લઈને ભાજપ-કોંગ્રેસ દ્વારા એડીચોટીનું જોર લગાવામાં આવી રહ્યું છે. તો, એનસીપી અને અપક્ષોએ પણ ભાજપ-કોંગ્રેસને લડત આપવા મરણિયા પ્રયાસો કર્યા છે. પરંતુ ભાજપ માટે સત્તા ટકાવી રાખવા માટે એડીચોટીનું જોર બહુ મહત્વનું મનાઈ રહ્યું છે. ભાજપ કોઈપણ ભોગે તમામ છ બેઠકો કબ્જે કરવા મરણિયું બન્યું છે.

### મોરપીંછના રંગ

● ચોથા પાનાનું ચાલુ

ધગશ અને સાહસનું પરિણામ છે. સતત કામ કરવાનો સ્વભાવ અને ક્યારેય હાર નહીં માનવાની ટેવને કારણે જેક માએ પોતાના નામનો ડંકો આખા વિશ્વમાં વગાડી દીધો છે. ચીન, એશિયા અને વિશ્વના અનેક બિઝનેશ એવોર્ડ જીતી ચુકેલા આ જેક માની કેટલીક વાતો જીવનમાં ઉતારવા જેવી છે. તે કહે છે કે ''તમે એ નથી જાણતા કે તમે તમારા જીવનમાં કેટલું બધુ કરી છો,/જો તમે જીવનમાં કોઈ પ્રયત્ન જ નથી કર્યો તો કેવી રીતે ખબર પડશે કે એમાં કોઈ મોટી તક છૂપાયેલી હતી/ બીજાની સફળતામાંથી શીખવાને બદલે તેઓની નિષ્ફળતાઓમાંથી શીખો, કેમ કે જે લોકો અસફળ થાય છે તેઓના અસફળ થવાના કારણો એક સરખા હોય છે અને સફળતાના કારણો જુદા જુદા હોવાના.''

જેક મા એક એવી વ્યક્તિ છે કે જેને જીવનની શરુઆતથી જ અસફળતા મળતી રહી છે. શિક્ષણના દરેક તબક્કે નાપાસ, અનેકવાર નોકરીઓના ઈન્ટરવ્યુંમાં રિજેક્ટ, આરંભના બિઝનેશોમાં ફેઈલ, બધેથી જ માત્ર અસફળતાઓ સિવાય કશુ નથી મળ્યું આમ છતાંય અસફળતાઓની સામે લડીને, પોતાની જાતમાં વિશ્વાસ રાખીને, દરેક અસફળતાઓમાંથી કંઈક ને કંઈક સફળતાનો મંત્ર શીખીને જેક મા વધુ ને વધુ મજબૂત બને છે. અને આજે વિશ્વના ટોપ ટેન ધનવાન લોકોની યાદીમાં સ્થામ પામે છે.

જીવનમાં કંઈક નવું સાહસ, નવા જોખમો, કેટલીક અસફળતાઓ અને અસફળતામાંથી શીખવાની ટેવ જ આપણને જીવનમાં સફળતાની ટોંચે પહોંચાડે છે. અસ્તુ.

- 9426060601.india@gmail.com

## ૨૬મીથી યુનિવર્સિટીમાં રજાઓનો માહોલ રહેશે

અમદાવાદ, તા.૧૯

દિવાળીના તહેવારોની હવે શરૂઆત થવા જઈ રહી છે ત્યારે ગુજરાત યુનિવર્સિટીના મુખ્ય કાર્યાલય અને ભવનોમાં ૨૬મી ઓકટોબરથી દિવાળીની રજાઓનો પ્રારંભ થશે. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિએ ૩૦ ઓકટોબર અને એક નવેમ્બર, બીજી નવેમ્બરની ખાસ રજા જાહેર કરતા યુનિવર્સિટી પરિસર ચાર નવેમ્બરને સોમવારે પુનઃ ધમધમતુ થશે. યુનિવર્સિટીમાં નવ દિવસની દિવાળી ઉત્સવની રજાઓ રહેશે. ગુજરાત યુનિવર્સિટીના તમામ ભવનો અને મુખ્ય કાર્યાલયમાં ૨૩ ઓક્ટોબરના રોજ સઘન સફાઈ કાર્યક્રમ કર્મચારીઓ,અધ્યાપકો દ્વારા આયોજિત કરાશે. કુલપતિ ડૉ. હિમાંશુ પંડ્યા, ઉપકુલપતિ ડૉ. જગદીશ ભાવસાર, કાર્યકારી રજિસ્ટ્રાર ડૉ. પિયુષ પટેલ સહિતના અધિકારીઓ આ દિવસે સફાઈ કાર્ય હાથ ધરશે. યુનિવર્સિટી પરિક્ષાનો પ્રથમ તબક્કો ૨૨ ઓક્ટોબરના રોજ પુરો થશે. દિવાળી બાદ બે તબક્કામાં પરિક્ષાનું આયોજન હાથ ધરાશે. યુનિવર્સિટીમાં રજાઓ જાહેર થયા બાદ યુનિવર્સિટીમાં સાંકુલ વિસ્તારમાં વિદ્યાર્થીઓની ઉપસ્થિત રહેશે નહીં. રજાઓનો ગાળો પૂર્ણ થયા બાદ ચોથી નવેમ્બર બાદ ફરીથી ઉત્સાહનો માહોલ રહેશે.

## દહેગામના હાલીસા ગામમાં મોબાઈલની દુકાનમાં ચોરી

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના હાલીસા ગામની દુકાનનું શટર તોડી મોબાઈલની ચોરી થઈ હતી. તે પૈકીના બે મોબાઈલ સાથે ગાંધીનગર એલસીબી પોલીસે બે શખ્સોની ધરપકડ કરી લીધી છે. પોલીસે આ બંન્ને શખ્સની અટકાયત કરીને મોબાઈલ વેચાણ કરનાર શખ્સ અંગે શોધખોળ આદરી છે. ગાંધીનગર એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શનમાં તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી,ત્યારે એએસઆઈ હજારીસિંહ અને ભવાનસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી. જેને પગલે નાંદોલ ત્રણ રસ્તા પરથી બે શખ્સો વિશાલકુમાર જગદીશકુમાર ભોઈ (રહે.કુંભારવાસ,પ્રાંતિજ) તેમજ મહંમદ ફેઝાન નઝીરભાઈ સિંધી (રહે-નગીનાવાડી નીચે બોખમાં પ્રાંતિજ)ને બે મોબાઈલ સાથે પકડી પાડ્યા હતા.મોબાઈલ અંગે પુછપરછ કરીને આધાર પુરાવા માંગતા તેઓ ગલ્લા તલ્લા કરવા લાગ્યા હતા. જો કે ઉંડાણપૂર્વકની પુછપરછમાં તેમણે બંન્ને મોબાઈલ પોતાના મિત્ર પાસેથી ખરીદ્યા હોવાનું જણાવ્યું હતું. ચોરીની આ બનાવ અંગે દહેગામ પોલીસ સ્ટેશને ગુનો પણ નોંધાયો છે, જેને પગલે એલીસીબીએ બંન્ને શખ્સોને મોબાઈલ વેચનારા કરનાર શખ્સને શોધવાની તજવીજ શરુ કરી છે.



## લીંબડીયા પ્રાથમિક શાળા ખાતે સ્વચ્છતા વિશે ચિત્રસ્પર્ધા યોજાઈ

ગાંધીનગર તાલુકાના લીંબડીયા પ્રાથમિક ખાતે એચ.પી. પંપ નાના ચિલોડા દ્વારા સતર્કતા જાગૃતતા સપ્તાહ-૨૦૧૯ અંતર્ગત સ્વચ્છતા વિશે ખાસ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શાળામાં અભ્યાસ કરતા ધોરણ - ૬ થી ૮ના વિદ્યાર્થીઓએ ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં એચ.પી. પંપના મેનેજર પંકજભાઈ અગ્રવાલ અને રોમિલ ગુપ્તા ઉપસ્થિત રહી બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના આચાર્ય નિરંજનાબેન ડી. પટેલ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડવા બદલ મહાનુભાવોનો આભાર વ્યક્ત કર્યો હતો.